aglasem.com

FOR GUJARAT TET PREPARATION

Gujarat TET-I 2025 Amendment Notification (8 November 2025)

EXAM	YEAR	TYPE
Gujarat TET	2025	Notification

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

"શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I)-૨૦૨૫ સુધારેલ જાહેરનામું"

"Teacher Eligibility Test-I (TET-I)-2025 Amendment Notification"

જાહેરનામા ક્રમાંક:રાપબો/TET-I/૨૦૨૫/12978-13093 તા: ૦૮/૧૧/૨૦૨૫

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રાથમિક શાળા (ધોરણ ૧ થી ૫)માં પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મેળવવા માટેની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે તા.૧૪/૧૦/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TET-I/૨૦૨૫/12028-12140 થી "શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I)-૨૦૨૫" નું આયોજન કરવા માટેનું જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે.

સદરહું જાહેરનામામાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

જાહેરનામામાં જે જગ્યાએ તાલીમી લાયકાત દર્શાવેલ છે તે તાલીમી લાયકાતના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જાહેરાતના અનુસંધાને TET-I માટે ફોર્મ ભરી શકશે. આવા વિદ્યાર્થીઓની આ પરીક્ષાની અરજી તેઓના છેલ્લા વર્ષના પરીક્ષાના પરીણામને આધિન રહેશે. ભવિષ્યમાં યોજાનાર શિક્ષક ભરતી પ્રક્રિયામાં આ પ્રકારની તકથી TET-I પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારોએ શિક્ષક તાલીમ લાયકાત (બે વર્ષ પી.ટી.સી/D.EL.ED, ચાર વર્ષીય એલીમેન્ટરી એજ્યુકેશનની ડીગ્રી (B.EL.Ed.) અને બે વર્ષનો ડિપ્લોમાં ઈન એજ્યુકેશન (સ્પેશીયલ એજ્યુકેશન)) પાસ થયાની માર્કશીટ રજૂ કરવાની રહેશે. સદરહું પરીણામ અને ભરતી બાબતે ભરતી સમિતિ જે નિર્ણય લેશે તે આખરી અને માન્ય ગણાશે.

ઉપરોક્ત સુધારા અન્વયે હવે TET-1 પરીક્ષાના ફોર્મ ભરવાની તારીખ તમામ માટે લંબાવવામાં આવેલ છે. આ પરીક્ષાની તારીખમાં નીચે મુજબનો સુધારો ધ્યાનેલેવા સબંધિતોને જણાવવામાં આવે છે:

ઉપરોક્ત સહિત તમામ ઉમેદવારો માટે, રજિસ્ટ્રેશન ફોર્મ ઓનલાઇન ભરવાની છેલ્લી તારીખ	૧૮/૧૧/૨૦૨૫
નેટ બેંકીંગ મારફત ફી સ્વીકારવાની છેલ્લી તારિખ	૨૦/૧૧/૨૦૨૫
પરીક્ષાની નવી સંભવિત તારીખ	૨૧ ડિસેમ્બર ૨૦૨૫
નોંધ: ઉપરોક્ત તારીખોમાં થયેલ સુધારો તમામ સબંધિતોએ ધ્યાને લેવાનો રહેશે.	

રાજ્ય પરીક્ષા બોર્ડના તા.૧૪/૧૦/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TET-I/૨૦૨૫/12028-12140 ની અન્ય બાબતો/જોગવાઇઓ યથાવત રહેશે.

સ્થળ:ગાંધીનગર
તારીખ:૦૮/૧૧/૨૦૨૫

અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

નકલ સવિનય જાણ તથા અમલ સારૂ:

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- એસ.આઈ.ઓ.શ્રી, એન.આઈ.સી., ગુજરાત રાજય, ગાંધીનગર.
- મેનેજરશ્રી, બીલડેસ્ક, અમદાવાદ.

નકલ સવિનય રવાના જાણ સારૂ :

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.

aglasem.com For more Question Papers, Sample Papers, Notes & Syllabus visit aglasem.com Page 1 of 2

- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.